GJBK160014652024

સત્યમેવ જયતે

| | | |
|---|---|---|
| **આંક** | **–** | **૩૧** |
| **રજુ.તા.** | **–** | ૩૦–૦૭–૨૦૨૪ |
| **દાખલ તા.** | **–** | ૩૦–૦૭–૨૦૨૪ |
| **ફેસલ તા.** | **–** | ૦૮–૦૪–૨૦૨૬ |
| **અવધી** | **–** | **૦૧** વર્ષ, **૦૮** માસ, **૦૯** દિવસ |

## *શિહોરીના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં, મુ.શિહોરી*

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૨૫૯/૨૦૨૪**

(૧) રમીલાબેન ડો.ઓ. મસાજી ઠાકોર, તે વિક્રમજી હરપાલજી ઠાકોરની ધર્મપત્નિ,
ઉ.વ.આ.૩૩
(૨) સીમીતસીંગ વિક્રમજી ઠાકોર,
ઉ.વ.આ.૧૨,
અરજદારના નં.૨ના સગીર હોય તેમના વાલી અને ઈષ્ટ મીત્ર તરીકે અરજદાર નં.૧ તેમની માતા.
બન્ને રહે. સમણવા, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા

.....અરજદાર.

*વિરૂધ્ધ*

(૧) વિક્રમજી હરપાલજી ઠાકોર,
ઉ.વ.આ.૩૬
(૨) હરપાલજી ગજુજી ઠાકોર,
ઉ.વ.આ.૫૮,
(૩) જશીબેન હરપાલજી ઠાકોર,
ઉ.વ.આ.૫૬,
(૪) વિષ્ણુજી હરપાલજી ઠાકોર,
ઉ.વ.આ.૩૪,
તમામ રહે.કાનોસણ, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા

.....સામાવાળાઓ.

| | | |
|---|---|---|
| **અરજઃ–** | | **કૌટુંબીક હીંસાથી સ્ત્રીઓનું રક્ષણ કરવાના અધિનિયમ–૨૦૦૫ના કાયદાની કલમ ૧૨ હેઠળ** |

| | | |
|---|---|---|
| અરજદાર તરફે વિ.વ.શ્રી. | – | યુ.વી.ભદ્રેવાડીયા |
| સામાવાળા નં.૨ થી ૪ તરફે વિ.વશ્રી– | – | આર.કે.મનસુરી |

***–::ઠરાવ::–***

(૧) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે આજથી આશરે ૧૪ વર્ષ અગાઉ તેઓની સમાજના રીતરીવાજ મુજબ તેઓના પિતાના ઘરે સમણવા મુકામે થયેલા ત્યારથી અમો સામાવાળાના કાયદેસરના પત્નિ છે અને તેઓના લગ્ન સમયે અરજદારના પિતાએ લગ્નમાં કરીયાવરમાં વાસણકુષણ, સોના ચાંદીના દાગીના કપડા લત્તા, વાસણો તેમજ ઘરવખતરીનો તમામ સમાન લઈ આપેલ તે તમામ ચીજવસ્તુ સાથે અરજદાર તેમના સાસરીમાં ગયેલા અને આ લગ્ન જીવનથી એક સંતાનનો જન્મ થયેલો જેનુ નામ સીમીતસીંગ છે જે હાલે ૧૨ વર્ષનો છે જે હાલમાં અરજદાર પાસે છે. વધુમાં અરજદારની અરજીની હકીકત છે કે, તેઓના લગ્નની શરૂઆતમાં તેઓના પતિ તેઓની સારી રીતે સારસંભાળ રાખતા અને લગ્નની શરૂઆતમાં પાંચ વર્ષ સારુ ચાલેલુ ત્યારબાદ આ કામના સામાવાળા હેરાન પરેશાન કરવા લાગેલા અને તેઓના સાસુ સસરા તેમજ દિયરની ચડામણીથી તેઓના પતિ મારઝુડ કરતા હતા અને કરીયાવર બાબતે હેરાન પરેશાન કરતા હતા અને કહેતા હતા કે મારે ધંધો કરવો છે તો તારા પિતાના ત્યાથી રૂ.૨ લાખ લેતી આવ જેથી અરજદારે કહેલ કે, મારા પિતા પાસે આટલા બધા રૂપીયા ક્યાથી હોય અને હુ મારા પિતા પાસે કઈ રીતે પૈસા માંગુ તેવુ કહેતા આ કામના સામાવાળા નં.૧ તથા તેમના સાસુ સસરા તેમજ દિયર અરજદારને જેમ તેમ ગાળો બોલવા લાગેલા અને તેઓના પતિને કહેલા લાગેલા કે આને તુ કાઢી મુક આપડે બીજી બૈરી લાવીશુ આપણે આને જોયતી નથી તેમજ કહી અરજદારને મારઝુડ કરતા હતા અને તેઓના સાસુ સસરા તેમજ તેઓના દિયર મેણા ટોણા મારી માનસીક શારીરીક ત્રાસ આપવા લાગેલા અને અવાર નવાર ઘરમાથી કાઢી મુકતા પરંતુ તેઓના પિતા અને આ કામના સામાવાળા અરજદારને મારઝુડ કે ત્રાસ નહી આપે તેવી શરતે સમાધાન કરી તેમના ઘરે મોકલતા તેમજ છતા આ કામના સામાવાળા અરજદારને માનસીક શારીરીક ત્રાસ આપવાનું ચાલુ રાખેલ અને તેઓના સાસુ સસરાની ચડામણીથી તેઓના પતિ

અરજદારને વધુ માર મારતા હતા તેમજ છતા અરજદાર તેઓના તેમજ તેમના દિકરીના ભવિષ્યનો વિચાર કરી મુંગા મોઢે સહન કર્યા જતા હતા. વધુમાં, અરજદારની અરજીની વિગત એવી છે કે, અરજદારને આજથી બે વર્ષ અગાઉ તેઓની સાસરીમાં કામ કરતા હતા તે દરમીયાન તેઓના પતિ આવીને જેમ તેમ બોલવા લાગેલા અને તેઓના પતિ તથા સાસુ અને સસરા તેમજ તેઓના દિયર બધા એક સંપ થઈને મા બેન સામી ભુંડી ગાળો બોલી મારઝુડ કરવા લાગેલા અને કહેલ કે તુ તારા પિયરમાંથી દહેજ લાવેલ નથી તેમ કહી અરજદારને માતા પિતા સામે ભુંડી ગાળો બોલતા હતા જેથી અરજદારે કહેલ કે, મારા માતા પિતા સામે ગાળો શુ કામ બોલો છો તેવુ કહેતા તેઓની સાસુએ ધક્કો મારી નીચે પાડી દઈ ગડદાપાટુનો માર મારવા લાગેલા અને તેઓના પતિએ ઘરમાં પડેલ ધોકો લાવીને બરડાના ભાગે માર મારવા લાગેલા અને તેમજ સાસુ સસરા અને દિયર પણ ગડદાપાટુનો માર મારવા લાગેલા જેથી તેઓએ બુમાબુમ કરતા તેઓના પતિએ મોઢુ હાથ વડે દબાવી દીધેલ અને તેઓના દિકરાને પણ મારવા લાગેલા અને કહેતા હતા કે તુ મારો દિકરો નથી તેમજ કહીને તેઓને તથા તેઓના દિકરાને મારતા હતા અને અરજદારને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલ અને કહેલ કે જો તારે આ ઘરમાં રહેવુ હોય તો તારા બાપના ત્યાથી રૂ.૨ લાખ લઈને આવીશ તો જ ઘરમાં રહેવા મળલે અને પૈસા લીધા વગર આવી છે તો તારા દિકરાના જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી અરજદારને તેમજ તેમના દિકરાને ઘરમાંથી પહેરેલ કપડે જબરદસ્તીથી ધક્કા મારી કાઢી મુકેલા અને એક પ્રાઈવેટ ગાડી ભાડે કરીને સમણવા ગામના ગોદરે રાતના બાર વાગ્યાના સુમારે ગાડીમાંથી ધક્કો મારીને નીચે પાડી અમારા દિકરા સાથએ મુકીને જતા રહેલા જેથી અરજદાર જેમ તેમજ કરીને તેઓના ઘરે પહોચેલી અને આ તમામ હકીકત તેઓના માતા પિતાને કહેતા તેઓના માતા પિતાએ તેઓના સમાજના આગેવાનો માણસો દ્વારા સમાધાન કરી તેડી જવાનું કહેતા આ કામના સામાવાળા અરજદારને તેડી જવા માટે આવેલા નથી અને હાલમાં તેઓ તેઓના પિતાના ઘરે ઓશીયાળુ જીવન વીતાવે છે અને આ કામના સામાવાળાએ આજ દિન સુધી તેઓની કે તેઓના દિકરાની કોઈ પણ જાતની કોઈ સારસંભાળ લીધેલ નથી કે તેઓને તેડી જવાનો કોઈ પ્રયત્નો કરેલ નથી અને સામાવાળાએ તેઓના ભરણપોષણ વિશે કોઈ દરકાર લીધેલ નથી કે ભરણપોષણના પેટે કઈ આપેલ નથીઅને અરજદારને તેમજ તેમના દિકરાને કાઢી મુકી આ કામના સામાવાળાએ અન્યાય કરેલ છે. વધુમાં, અરજદારની અરજીની વિગત એવી છે કે, આ કામના સામાવાળા નં.૧ અરજદાર ઉપર ખોટી રીતે વહેમ રાખી તેઓને દરરોજ મારઝુડ કરતા છતા અરજદારને સંતાનમાં દિકરો હોય અરજદાર સામાવાળાનો તમામ ત્રાસ મુંગા મોઢે સહન કરતા હતા. વધુમાં, અરજદારની અરજીની વિગત એવી છે કે, આ કામના અરજદાર છેલ્લા બે વર્ષથી તેઓના માતા પિતાને ત્યા ઓશીયાળુ જીવન જીવે છે અને તેઓનું

ભરણપોષણ તેઓના પિતા કરે છે તેમજ તેઓ આ કામના સામાવાળાનું ઘર કરવા માંગતા હોય પરંતુ આ કામના સામાવાળા તેઓને તેડી જવા તૈયાર નથી અને તેઓ જાય તો તેઓને જાનથી મારી નાખે તેમ છે તો સામાવાળા નામદાર કોર્ટમાં બે સદ્ધર જામીન સાથે અમોને મારઝુડ કરે નહી અને હેરાન પરેશાન નહી કરવાની ખાત્રી આપે તો તેઓનો ઘરસંસાર આ કામના સામાવાળા સાથે પુનઃ ચાલુ કરવા માંગે છે. વધુમાં, તેઓએ અરજીમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળાને કાનોસણ મુકામે એક પાકુ મકાન આવેલ છે તેમજ બે પાકી દુકાનો ધરાવી કરીયાણા તથા અનાજ દળવાની ઘંટી ચલાવવાનો ધંધો કરે છે જેમાંથી માસીક રૂ.૩૦ હજાર જેટલુ કમાય છે તેમજ આ કામના સામાવાળા કાનોસણ મુકામે ખેતીની આશરે ૧૦ વિઘા જમીન ધરાવે છે તેમજ બે ટ્રેકટરો ધરાવે છે જેમાંની વાર્ષીક રૂ.૪ લાખ જેટલી આવક મેળવે છે તેમજ પશુપાલનમાં ૬ ભેંસો તથા ૨ ગાયો રાખી તેમની દુધની આવકમાંથી રૂ.૨૫ હજાર આવક મેળવે છે. આમ સામાવાળા કુલ વાર્ષીક રૂ.૧૦,૬૦,૦૦૦/- જેટલી આવક ધરાવે છે. આ કામના સામાવાળાની અરજદાર સિવાય બીજા કોઈની ભરણપોષણની જવાબદારી નથી. અરજદાર કોઈ હુનર ઉદ્યોગ જાણતા નથી, સામાવાળાની તમામ મીલકતમાં તેઓનો હક્ક હીસ્સો છે અને સામાવાળાને કાનોસણ મુકામે રહેવાનુ મકાન આવેલ છે અને તેઓને રહેઠાણ માટે અલગ ઘર આપે અગર અમારા રહેઠાણની સુવિધા કરી આપે અને આજદીન સુધી તેઓના પિયારમાંથી આપેલ દરદાગીના વિગેરે તેઓને પરત આપે તેવો હુકમ કરવા નમ્ર અરજ છે જ્યા સુધી અરજદારની ભરણપોષણની વ્યવસ્થા ન કરે ત્યા સુધી સામાવાળા અરજદારને માસીક ભરણપોષણ માટે માનસીક ત્રાસ અને યાતનાઓ આપતા હોય માનસીક આઘાત પેટે રૂ.૨ લાખ ચુકવી આપે તેવો આદેશ કરવા અરજ ગુજારેલ છે.

(૨) વધુમાં, અરજદારે તેઓની અરજીમાં દાદ માંગેલ છે કે, (૧) અરજદાર નં.૧નાને ભરણપોષણ માટે માસીક રૂ.૧૦,૦૦૦/- તથા અરજદાર નં.૨નાને માસીક ભરણપોષણ પેટે રૂ.૫૦૦૦/- સામાવાળાઓ પાસે પ્રતિમાસ અપાવવા અરજ કરેલ છે. (૨) સામાવાળાની સ્થાવર જંગમ મીલકતો જેવી કે રહેણાંક મકાન, જમીન વિગેરે વેચાણ કરે કરાવે નહી તેવો હુકમ કરવા અરજ ગુજારેલ છે. (૩) સામાવાળાઓ પાસેથી તેઓનુ તમામ સ્ત્રીધન પાછુ અપાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે. (૪) અરજદારને સાાવાળાના શારીરીક અને માનસીક ત્રાસના કારણે લાગેલ માનસીક આઘાત પેટે રૂ.૨ લાખ ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. (૫) આ અરજીનું તમામ ખર્ચ સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે. (૬) બીજી યોગ્ય અને ન્યાયી દાદ આપવા અરજ ગુજારેલ છે. (૭) નામદાર કોર્ટની તકરારોમાં ચાલતા કેસો

સબંધે ખર્ચને પહોચી વળવા માટે ખર્ચની રકમ તાત્કાલીક જમા કરાવવા આદેશ કરવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) ઉપરોક્ત અરજી અનુસંધાને અરજદારની અરજી ફોજદારી પરચુરણ અરજી રજીસ્ટરે લેવાનો હુકમ પુરોગામી અદાલત દ્વારા કરવામાં આવેલ અને સામાવાળાઓને નોટીસ ઈશ્યુ કરવાનો તેમજ પ્રોટેક્શન ઓફીસરનો ઘરેલુ હીંસા મતલબનો રિપોર્ટ મંગાવવા હુકમ કરવામાં આવેલ.

(૪) બાદ, આંક–૦૫ થી પ્રોટેકશન ઓફીસરનો રિપોર્ટ અત્રેની અદાલતમાં રજુ થયા બાદ આ કામના બાદ સામાવાળાઓને નોટીસ બજી જતા આ કામના સામાવાળા નં.૨ થી જનાઓ અદાલત સમક્ષ હાજર થયેલા અને આંક–૧૧ થી લેખીત જવાબ રજુ થયેલો પરંતુ આ કામે સામાવાળા નં.૧નાઓ હાજર નહી થતા કે જવાબ રજુ નહી કરતા તા.૦૪–૦૩–૨૦૨૫ના રોજ કામ એક તરફી ચલાવવાનો હુકમ ફરમાવેલ.

(૫) હવે, આ કામે સામાવાળા નં.૨ થી જનાઓએ આંક–૧૧ થી રજુ કરેલ જવાબ લક્ષમાં લેતા અરજદારની અરજીની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, "આ કામના અરજદાર તેમની અરજમાં જણાવેલ કોઈ જ ચીજવસ્તુઓ લાવેલ નથી, અમો સામાવાળા નં.૨ થી જનાઓ અરજદાર તથા સામાવાળા નં.૧નાઓની આશરે આઠેક વર્ષથી અલગ રહીએ છીએ અને આ કામના અરજદાર તથા સામાવાળાનું તથા અમો સામાવાળા નં.૨ થી ૪ વાળાઓના રહેણાંક પણ અલગ અલગ છે. જેથી અમો સામાવાળા નં.૨ થી ૪વાળાએ આ કામના અરજદારને કયારેય પણ કોઈ જાતનો ત્રાસ આપેલ નથી કે તેઓને તેમના પિતા પાસે દહેજ લાવવા બાબતે મેણાટોણા મારેલ નથી અને અરજદારને અમોએ કાઢી મુકેલ નથી કે તેઓ તેમના પિતાના ત્યા ઓશિયાળુ જીવન જીવતા હોવાની અને અમો કોઈ ખર્ચ આપતા ન હોવાનુ અમો સામાવાળા નં.૨ થી ૪ વાળાએ અરજદાર સાથે આવુ કાંઈ બનેલ નથી. આ કામના સામાવાળા નં. ૧નાઓ તેઓની પત્ની અરજદાર સાથે અને બાળક સાથે રહેતા હોઈ અને અમો સામાવાળા નં.૨ થી ૪ વાળાએ એ ક્યારેય પણ અરજદારને ત્રાસ આપેલ નથી અને આ કામના અરજદાર તથા સામાવાળા અલગ રહેતા હોઈ તેઓના અલગ રેશનકાડની ઝેરોક્ષ નકલ તેમજ અમો સામાવાળા નં.૨ થી ૪ વાળાએ અલગ રહેતા હોઈ અમારા અલગ રેશનકાડની ઝેરોક્ષ નકલ તેમજ અમો સામાવાળા નં.૨ થી ૪ વાળા આ કામના સામાવાળા નં.૧ થી ઘણા સમયથી અલગ રહેણાંકમાં રહીએ છીએ તેઓ તલાટી કમ મંત્રી તથા સરપંચશ્રી કાનોસણ ગ્રામપંચાયતમાં દાખલો અલાયદા ડી લીસ્ટથી આ સાથે રજુ કરીએ છીએ. આમ અમો સામાવાળા નં.૨ થી ૪ વાળા આ

કામના અરજદાર તેમજ સામાવાળા નં.૧ ના ઓથી અલગ રહેતા હોઈ આ બન્ને જણને કયા બાબતની અને કેવી તકરાર ચાલે છે તે અંગે અમો કાંઈ જાણતા નથી તેમજ સામાવાળા નં.૧ ના અમારા થી હાલમાં કોઈ જ જાતનો સબંધ રાખતા નથી તેમજ અમારા કહ્યામાં પણ નથી તેમ છતા પણ આ કામના અરજદારે અમારા કોઈ પણ જાતના વાંક ગુના વિના કે કોઈ પણ જાતની અમોએ તેઓને ઘરેલુ હીંસા આચરેલ ન હોવા છતા પણ અમારી વિરૂધ્ધ આ ઘરેલુહિંસાની ખોટી અરજી કરી અમારા ઉપર દબાણ લાવવા માંગતા હોઈ જેથી અરજદારને અમો સામાવાળા નં. ૨ થી જવાળાઓ એ કોઈ પણ પ્રકારનું વળતર ચુકવવાનું થતુ નથી. જેથી અરજદારને આવી અરજી કરવાનો કોઈ અધિકાર ન હોય અરજદારની અરજી ખર્ચ સહીત રદ્દ કરી અમો સામાવાળા નં.૨ થી જવાળાને ખર્ચ અપાવવા હુકમ કરવા મહે.થશો."

(૬) ઉપરોક્ત કેસના અનુસંધાને અરજદારપક્ષ દ્ધારા મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબના રજુ કરવામાં આવેલા છે.

| **અરજદાર તરફે મૌખીક પુરાવો** | | |
|---|---|---|
| **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| (૧) | ૧૪ | અરજદાર– રમીલાબેન ડો.ઓ મસાજી ઠાકોરનું સરતપાસનું સોગંદનામુ |

(૭) આ કામે અરજદારપક્ષ તરફે ઉપરોક્ત પુરાવા રજુ કર્યા બાદ આંક–૧૯ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો બંધ થયાની જાહેરાત કરતા સદર કામ સામાવાળાઓના પુરાવાના સ્ટેજ પર રાખવામાં આવતા સામાવાળાઓ તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા.

| **સામાવાળા નં.૨ થી ૪ તરફે મૌખીક પુરાવો** | | |
|---|---|---|
| **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| (૧) | ૨૧ | સામવાળા નં.૨ હરપાલજી ગજુજી ઠાકોરનું સરતપાસનું સોગંદનામુ |

| | | | |
|---|---|---|---|
| | **સામવાળા નં.૨ થી ૪ તરફે દસ્તાવાજી પુરાવો** | | |
| | **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| | (૧) | ૨૫ | કાનોસલણ ગામ પંચાયતનો દાખલો |
| | (૨) | ૨૬ | સામાવાળા નં.૨ થી ૪ના રેશન કાર્ડની નકલ |
| | (૩) | ૨૭ | સામાવાળા નં.૧ ના રેશન કાર્ડની નકલ |

સદર ઉપરોક્ત મુજબના સામવાળા પક્ષે તરફે મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આંક-૨૮ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતા સદર કામ પક્ષકારોની દલીલો પર મુલતવી રાખવામાં આવેલ.

(૮) ઉપરોક્ત પક્ષકારોના પુરાવા પુર્ણ થયા બાદ આ કામે અરજદાર તરફે આંક-૨૯થી લેખીત દલીલો રજુ કરેલ છે જ્યારે આંક-૩૦ થી સામાવાળા નં.૨ થી ૪નાઓએ લેખીત દલીલો રજુ કરેલ છે જે લક્ષમાં લેવામાં આવેલ છે.

(૯) પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવા તથા દલીલો લક્ષમાં લેતા સદર કેસના ન્યાયનિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**- <u>મુદ્દાઓ</u> -**

૧. શું અરજદાર સાબીત કરે છે કે, સામાવાળાએ અરજદાર પર ઘરેલું હિંસાખોરી આચરેલ છે?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, માંગ્યા મુજબના રક્ષણાત્મક હુકમ મેળવવા હક્કદાર છે.?

૩. શું હુકમ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ-

**-::<u>નિર્ણયો</u>::-**

૧. હકારાત્મક.

૨. અંશતઃ હકારમાં

૩. આખરી હુકમ મુજબ

**-::કારણો::-**

**મુદ્દા નં.૧ થી ૨**

બન્ને મુદ્દાની હકીકત પરસ્પર એકબીજા સાથે સંકલાયેલ હોય હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તથા સરળતા ખાતર બન્ને મુદ્દાની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**(૧૧)** સૌપ્રથમ તો કૌટુંબીક હીંસાખોરીથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ તા.૨૬/૧૦/૨૦૦૬ થી અસ્તિત્વમાં આવેલ છે અને નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ દ્વારા **જયદિપસિંહ પ્રભાતસિંહ ઝાલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, 2010(1) G.L.R. 635** ના ચુકાદામા /આ કાયદાની રચના પાછળ શું મર્મ અથવા તો શું ઈરાદો હતો તે દર્શાવવામાં આવેલ છે જે શબ્દશ: નીચે મુજબ છે :-

This Act was therefore enacted "to provide for more effective protection of the rights of women guaranteed under the Constitution who are victims of violence of any kind occurring within the family and for matters connected therewith or incidental thereof".

તેમજ આ ચુકાદામાં એમ પણ ઠરાવવામાં આવેલ છે કે,

B) Protection of Women From Domestic Violence Act, 2005 (43 of 2005)-Sec 12-Criminai Procedure Code, 1973 (2 of 1974) Secs. 202, 203 & 204-Proceedings under the Act are in the nature of civil remedy In view thereof, principle laid down in **Adalat Prasad v. Rooplal Jindal, 2005 (1) GLR 546 (SC)**, would not be applicable to proceedings under the Act -Accordingly, when the Magistrate is satisfied that a person is wrongly joined as respondent or there are no allegations against a person to proceed further, Magistrate may drop further proceedings.

**(૧૨)** ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંત લક્ષ્ય પર લેવામાં આવે તો આ પ્રકારના કેસોમાં કાર્યવાહી દિવાની પ્રકારની હોય છે અને તેને માત્ર કલમ ૩૧ અને ૩૩ પુરતુ જ બહારથી ફોજદારી સ્વરૂપ આપવામાં આવેલુ છે. અર્થાત અરજીની હકીકત પુરવાર કરવાનો બોજો તો અરજદાર ઉપર જ છે અને તેમાં દિવાની કાર્યવાહી મુજબ પુરાવાની સંભવિતતાની શકયતાના સિધ્ધાંત મુજબ હકીકત પુરવાર કરવાની રહે છે અને આ પુરવાર કરવાની જવાબદારી માત્ર એક પક્ષકાર ઉપરથી બીજા પક્ષકાર ઉપર ખસે છે.

**(૧૩)** હવે સદર કાયદાની રચના તથા કાયદાની જોગવાઈ જે સ્ત્રી કૌટુંબિક હિંસાખોરીનો ભોગ બનેલ છે તેને ભરણ પોષણ ઉપરાંત કૌટુંબિક હિંસાખોરીથી જો કોઈ નુકશાન થયેલ, ઈજા પહોંચેલ હોય તો તેનો તમામ ખર્ચ મળી રહે, તે સ્ત્રી ને રહેઠાણની વ્યવસ્થા ન હોય રહેઠાણની

વ્યવસ્થા મળી રહે, સંયુકત મિલ્કત ધરાવતા હોય તો સામાવાળા તેમને બે-દખલ કરી ન મુકે તેવો હુકમ અદાલત ફરમાવે તો તે સ્ત્રીને યોગ્ય ન્યાય મળી રહે તે માટે કરવામાં આવેલ છે, નહીં કે જોગવાઈનો દુરૂપયોગ કરી સામાવાળાને માત્ર હેરાન અને પરેશાન કરવામાં આવે. જેથી દરેક કીસ્સામાં આ તમામ હુકમ ફરમાવવા જ જોઈએ તેવો કાયદાનો સિધ્ધાંત નથી. દરેક કીસ્સામાં સંબંધીત કીસ્સાની હકીકત અને સંજોગો નજરે જો અદાલતને એમ જણાય કે વ્યથિત વ્યક્તિને કલમ ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ અન્વયે અદાલતના રક્ષણાત્મક હુકમની જરૂરીયાત છે તેવા કીસ્સામાં જ અદાલત હુકમ ફરમાવી શકે છે. જે સ્ત્રી કોટુંબિક હિંસાખોરીનો ભોગ બનેલ છે તેટલું પુરવાર થવા માત્રથી તેની તરફેણમાં આ દરેક કલમ હેઠળ હુકમ ફરમાવવો જ તેવું જરૂરી નથી. પરંતુ તે ભોગ બનનારે અદાલતના આ પ્રકારના રક્ષણાત્મક હુકમની પોતાને જરૂરીયાત છે અને તે સિવાય પોતે રહેઠાણ વગરના થઈ જાય તેમ છે, મિલ્કતમાંથી બે-દખલ થઈ જાય તેમ છે વગેરે હકીકતો પુરવાર કરવાની રહે છે. નામદાર શ્રી **મધ્યપ્રદેશ હાઈકોર્ટે મધુસુદન ભારધ્વાજ વિ. મમતા ભારધ્વાજ 2009 Cri.L.J.3095** ના ચુકાદામાં પેરા નં.૯ બી માં અવલોકન કરેલ છે કે, Without coming to a certain and justified conclusion, passing a protection order under Section 18 of the Act in favour of the applicant may some times cause injustice to the opposite party/respondent who may be not at fault, jut in reality a victim of the misdeed or misbehaviour of the applicant. That is not and cannot be the intention, of the Legislaure in enacting the Act. No doubt the intention of the Legislature behind enacting the Act is to provide more protection to the rights of women guaranteed under the Constitution who are victims of violence of any kind within the family and for matters connected therewith or incidental therewith. It is clear that the Act has been enacted for safeguarding the rights of a woman guaranteed under the Constitution and to provide protection against her victimization from domestic violence, interpretation of the provisions keeping this pious principle in mind is required. However, this principle cannot be accepted that in domestic violence always a woman is a victim or sufferer party. There may be cases where by misusing the sympathetic and favourable attitude of the society or law framers, male partners may

be harassed and thereafter if Court of law gives a second push to the male partner, it may cause disorder in the soceity. In my considered opinion, at the time of administering such laws he Courts are required to be vigilant enough in deciding the dispute as to which part of the family is a victim of the domestic violence.

(૧૪) હવે અરજદારે આ અરજી કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને સુરક્ષા અધિનિયમ અંતર્ગત કરી છે જેથી તેની જોગવાઈઓ વંચાણે લેવામાં આવે તો જ્યારે કોઈ વ્યક્તિ વ્યક્તિ કૌટુંબિક હિંસાનો ભોગ બનેલ હોય ત્યારે તે વ્યક્તિ આ કાયદા હેઠળ કલમ ૧૨ હેઠળ અરજી કરી આ કાયદાની જોગવાઈ મુજબ સુરક્ષા, રહેઠાણ, નાણાકીય સહાય, વળતર મેળવવા માટેના કોર્ટમાં દાદ માંગી શકે છે. હવે વ્યક્તિ વ્યક્તિ કોણ કહેવાય? અથવા કોણે ગણાવી શકાય? તે તથ્ય પર લેવાના આવે તો વ્યક્તિ વ્યક્તિની વ્યાખ્યા સદર કાયદામાં કલમ ૨(એ) થી આપવામાં આવેલ છે તે મુજબ કોઈપણ સ્ત્રી જે સામેવાળા સાથે કૌટુંબિક સંબંધમાં હોય અથવા સંબંધીત હોય અને સામેવાળા દ્વારા કૌટુંબિક હિંસા કોઈપણ કરવામાં આવેલ હોય તેવી વ્યક્તિને વ્યક્તિ ગણવામાં આવે. આ વ્યાખ્યા વાચ્ય પર લેતા કૌટુંબિક સંબંધ કોણે કહેવાય? તે સમજવું જરૂરી છે અને તે માટે આ કાયદાની કલમ ૨(એફ) માં વ્યાખ્યા કરવામાં આવેલ છે તે મુજબ "કૌટુંબિક સંબંધ – એટલે બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ કે જેમણે ભેગા ઘરમાં રહેતા હોય અથવા કોઈ એક સમયે રહી હોય કે જ્યારે તેઓ સગાં, લગ્ન અથવા લગ્ન સંબંધ, દત્તક દ્વારા અથવા સંયુક્ત કુટુંબ તરીકે કુટુંબના સભ્ય તરીકે સાથે રહેતા હોય." આમ, આ જોગવાઈઓ ધ્યાનમાં લેતા એ સ્પષ્ટ થાય છે કે જ્યારે વ્યક્તિએ આ કાયદા હેઠળ દાદ મેળવવા અરજી કરેલ હોય ત્યારે તેઓ સામેવાળા સાથે પોતે કૌટુંબિક સંબંધ ધરાવતા હતા તે હકીકત તથા પોતે કૌટુંબિક હિંસાનો ભોગ બનેલ છે તેવી હકીકત પુરવાર કરવાની રહે છે. કારણ કે, ઉપરોક્ત કેસ કાયદા અનુસાર આ કાયદા હેઠળની કાર્યવાહી માં અરજદારે દાવા કાર્યવાહી ની જેમ સંભાવિતતાના સિદ્ધાંત મુજબ હકીકત પુરવાર કરવાની રહે છે જેથી અરજદારે પોતે સામેવાળા સાથે કૌટુંબિક સંબંધ ધરાવતા હતા તે હકીકત તથા પોતે કૌટુંબિક હીંસાખોરીનો ભોગ બનેલ છે તેવી હકીકત પુરવાર કરવાની રહે છે. વળી, સદર કાયદાની કલમ ૧૮માં જોગવાઈ કરવામાં આવેલ છે કે, વ્યથિત વ્યક્તિને અને પ્રતિવાદીને સાંભળવાની તક આપ્યા પછી અને કૌટુંબિક હીંસાખોરી થઈ હોવાનો પ્રથમ દ્રષ્ટીએ સંતોષ થાય તે પછી મેજીસ્ટ્રટ વ્યથિત વ્યક્તિની તરફેણમાં હુકમ ફરમાવી શકે છે, તેવી જ રીતે કલમ ૧૯, ૨૦ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો તેમાં પણ જ્યારે કૌટુંબિક હિંસાખોરી થયેલ હોવાનું પુરવાર

થાય તેવા સંજોગોમાં સદર કલમ હેઠળ અદાલત હુકમ કરમાવી શકે છે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. જો કે દરેક કેસની હકીકત અને સંજોગો નજરે અદાલત આવા રક્ષણાત્મક હુકમ ફરમાવી શકે છે અરજદારે પોતાને તેવા હુકમની જરૂરીયાત રહેલ છે અને પોતાને આ હુકમ સિવાય રક્ષણ મળી શકે તેમ નથી. રહેઠાણ વગરના થઈ જાય તેમ છે તેવી હકીકત પુરવાર કરવાની રહે છે જેથી જો અરજદાર સામાવાળા સાથે પોતે કૌટુંબિક સંબંધમાં છે અથવા કોઈપણ સમયે હતા અને સામાવાળાએ કોટુંબિક હિંસાખોરી આચરેલ છે તેવી હકીકત પ્રથમદર્શનીય રીતે પુરવાર કરી શકે તો જ સદર કાયદામાં આપવામાં આવેલ રક્ષણાત્મક હુકમ મેળવવા અરજદાર હકકદાર બને છે.

(૧૫) હવે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા અનુસાર વ્યથિત વ્યકિતએ સામાવાળા ધ્વારા કોટુંબિક હિંસાખોરી આચરવામાં આવેલ હોય તેવું પ્રથમ પુરવાર કરવાનું રહે છે અને કૌટુંબિક હિંસાખોરીની વ્યાખ્યા કલમ ૩ માં આપવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવે તો કૌટુંબિક હિંસાખોરીમાં શારીરિક, માનસિક તથા આર્થીક દુર્વ્યવહારનો સમાવેશ થાય છે. વળી, આ જોગવાઈમાં જ કરવામા આવેલ સ્પષ્ટીકરણ અનુસાર કૌટુંબિક હિંસાખોરી ગણાશે કે નહીં તે નકકી કરવાના હેતુ માટે કેસની સમગ્ર હકીકત અને સજોગો વિચારણામાં લેવાના રહે છે એટલે કે, દરેક કેસની હકીકત અને સંજોગો નજરે "કૌટુંબિક હિંસાખોરી" આચરવામાં આવેલ છે કે કેમ? તે નીર્ણીત કરવાનુ રહે છે.

(૧૬) અહી હાથ પરના કેસમાં રજુ થયેલ હકીકતો અને પુરાવાઓને લક્ષ પર રાખી જોવામાં આવે તો, આ કામના સામાવાળા નં.૧નાઓને પુરતી તક આપેલ હોવા છતા કોઈ જવાબ રજુ કરેલ નથી, અરજદારની ઉલટતપાસ કરેલ નથી તેથી આ કામના સામાવાળા નં.૧ તરફે અરજદારની રજુ થયેલ હકીકતો અને પુરાવાઓ બિન પકડારાયેલ છે. અરજદારે રજુ કરેલ પુરાવાથી વિરુદ્ધની હકીકત આ કામના સામાવાળા નં.૧નાએ જાહેર કરેલ નથી કે પુરવાર કરેલ નથી. વધુમાં, આ કામના સામાવાળા નં.૨ થી જનાઓએ અરજદારની અરજીનો લેખીત જવાબ રજુ કરી અરજદારે રજુ કરેલ હકીકતોને પકડારવાનો પ્રયત્ન કરેલ છે. આ કામે સામાવાળા નં.૨ થી જનાઓએ રજુ કરેલ જવાબ લક્ષમાં લેતા અરજદાર નં.૧નાઓ સામાવાળા નં.૧નાઓના પત્નિ હોવાનું તેમજ અરજદાર નં.૨ તેમનો દિકરો હોવાની હકીકતોની કોઈ તકરાર લીધેલ નથી. આમ, અહી અરજદાર નં.૧ સામાવાળા નં.૧ની પત્નિ હોવાના દરજ્જે આ અરજી લઈ ઉપસ્થિત થયેલ છે અને તે હકીકત બિન–તકરારી અને નિર્વિવાદીત છે.

(૧૭) અરજદારે અદાલત સમક્ષ સોગંદનામુ રજુ કરી અરજીની હકીકતોને સમર્થન આપેલ છે જેની ઉલટતપાસ આ કામના સામાવાળા નં.૧ તરફે થયેલ નથી જ્યારે આ કામના સામાવાળા નં.૨ થી ૪ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. આમ, તે રીતે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, અદાલતના રેકર્ડ પર બીન–તકરારી અને નિર્વિવાદીત હકીકત એવી આવેલ છે કે, અરજદાર અને સામાવાળા નં.૧ બન્ને એકબીજાથી અલગ રહે છે. હાલ અરજદાર તેમના પિયરમાં રહે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર કોઈ પણ પરણિત સ્ત્રી કારણ વગર પોતના પતિને મુકીને અને પોતાના પિયરે સ્વખુશીથી રહેવાનું પસંદ કરે નહી અને જયારે તે સ્ત્રી સંતાનની માતા હોય ત્યા સામાન્ય સંજોગોમાં આવુ પગલુ સ્વખુશીથી ભરે નહી, જ્યારે સહનશક્તિનો અંત આવેલ ત્યારે જ આવુ પગલુ ભરવાની તેણીને ફરજ પડેલ હૌય અને તે માટે તેના પતિ તથા તેના કુટુંબીજનો જવાબદાર હોય, તેણીને પુરતુ માન આપવામાં ન આવતુ હોય અને યેનકેન પ્રકાને તેણી સાથે ઓરમાયુ વર્તન કરવામાં આવતુ હોય તે પણ એક પ્રકારનો ત્રાસ જ ગણી શકાય. અહી સામાવાળા નં.૧નાએ અરજદારની ઉલટતપાસ કરેલ નથી જ્યારે સામાવાળા નં.૨ થી ૪નાઓ તરફે ઉલટતપાસ કરેલ છે. અરજદારે જણાવેલ છે કે, લગ્ન થયાના ૨ વર્ષ સુધી તેઓ તેઓની સાસરીમાં રોકાયેલા. વધુમાં, તે હકીકતનો ઈન્કાર પણ કરેલ છે કે, તેના લગ્ન બાદ તેઓના પતિ સાથે અલગ રહેતી હતી. તે હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેઓના પતિ અને તેઓના બાળકનું અલગ રેશન કાર્ડ છે અને તેઓ અલગ રહે છે. તે હકીકત તેઓને ખબર નહી હોવાનું જણાવેલ છે કે, તેઓના સાસુ સસરા અને દિયરનું રેશન કાર્ડ અલગ છે કે કેમ? તે હકીકત તેઓને ખબર નહી હોવાનું જણાવેલ છે કે, તેઓના પતિ તેઓના સાસુ સસરાનું માનતા નથી કે કેમ. આમ, અરજદારની સમગ્ર ઉલટતપાસ જોવામાં આવે તો, આ કામના સામાવાળા અરજદારની હકીકતોને ખંડન કરતી કોઈ હકીકતો બહાર લાવી શકેલ નથી. જ્યારે આ કામના સામાવાળા નં.૨નાઓએ આંક–૨૧ થી સરતપાસમું સોગંદનામુ રજુ કરેલ છે જે વંચાણે લેતા અરજદારે આપેલ મૌખીક પુરાવાનો ઈન્કાર કરેલ છે જ્યારે અરજદાર તરફે થયેલ ઉલટતપાસ જોવામાં આવે તો, તે હકીકત સ્વિકારેલ છે કે, અરજદાર અને સામાવાળા નં.૧નાઓના લગ્ન તેમના સમાજના રિતરિવાજ મુજબ થયેલ હોવાનુ સ્વિકારેલ છે અને તેઓના લગ્ન જીવનથી એક સંતાનનો જન્મ થયેલ હોવાનું પણ સ્વિકારેલ છે. તે હકીકત પણ સ્વિકારેલ છે કે, તેઓને કાનોસણ મુકામે ખાતા નં.૧૨૪ અને ૧૨૮ જે ૧૨ વિઘા જમીન તેમના નામે ચાલે છે. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, આ જમીન સંયુકત ખાતે ચાલે છે. તે હકીકતનો ઈન્કાર કરેલ છે કે, વિક્રમજી તે જમીનમાંથી ખેતી કરી વાર્ષીક ચાર લાખ આવક મેળવે છે...... આમ, આ કામના સામાવાળા નં.૨નાઓ સામાવાળા નં.૧ના પિતા છે તેઓએ અરજદારના પુરાવાને ખંડન કરવા પ્રયત્ન કરેલ છે પરંતુ આ કામના

સામાવાળા નં.૧નાઓ અરજદારને તેડી જાય તે સબબ આપેલ પ્રશ્નના જવાબ જોવામાં આવે તો, તેઓનો છોકરો તેઓના કહેવામાં નથી તેથી તેઓથી બને તેમ નથી તેવુ જણાવેલ છે. વધુમાં, આંક–૨૫ થી કાનોસણ ગ્રામ પંચાયતનો દાખલો રજુ કરેલ છે જેમાં આ કામના અરજદાર નં.૧નાઓ તેઓના માતા પિતાથી અલગ રહેતા હોવનો ઉલ્લેખ કરી પંચનામુ કરી પંચોની સહીઓ સાથેનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. તેમજ આંક–૨૬ થી સામાવાળા નં.૨ વાળાઓનું રેશનકાર્ડની નકલ રજુ કરેલ છે જ્યારે આંક–૨૭ થી અરજદાર તેમજ સામાવાળા નં.૧નાઓનું રેશનકાર્ડની નકલ રજુ કરેલ છે. ઉપરોક્ત સામાવાળા નં.૨નાઓનો મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતા, તે હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, આ કામના સામાવાળા નં. ૨ થી જનાઓ અને સામાવાળા નં.૧નાઓ એકબીજાથી અલગ રહેતા હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરેલ છે. હાથ પરના કેસની પરિસ્થિતિ મુજબ સામાવાળા નં.૧ અરજદારના પતિ કોર્ટમાં હાજર રહેલા નથી, જ્યારે તેમના માતા–પિતા અને દિયર હાજર રહે છે, જે પરથી પ્રાથમિક રીતે એવું અનુમાન થાય છે કે પતિ ઈરાદાપૂર્વક કોર્ટ પ્રક્રિયાથી દૂર રહેવાનો પ્રયાસ કરી રહ્યા છે. સામાવાળા નં.૧ના પિતાએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેમનો દિકરો તેમના કહેવામાં નથી અને અલગ રહે છે, પરંતુ આ નિવેદનને સમર્થન આપતા સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવાનો અભાવ દેખાય છે. માત્ર આવું કહેવું પૂરતું નથી, કારણ કે વાસ્તવિક રહેઠાણ અને સંબંધોની સ્થિતિ કોર્ટ માટે વધુ મહત્વપૂર્ણ છે. સામાવાળા પક્ષે ગ્રામ પંચાયતનો દાખલો તથા રેશન કાર્ડ રજૂ કરીને અલગ રહેવાનો બચાવ લીધો છે, પરંતુ આવા દસ્તાવેજો સામાન્ય રીતે ઘોષણાઓ પર આધારિત હોય છે અને તે વાસ્તવિક જીવનની પરિસ્થિતિનો પૂર્ણ પ્રતિબિંબ દર્શાવતા નથી. કોર્ટ આવા દસ્તાવેજોને સહાયક પુરાવા તરીકે જ લે છે અને તેનાથી સંપૂર્ણપણે અલગ રહેઠાણ સાબિત થતું નથી. વધુમાં, પ્રતિવાદીના પિતાએ અરજદારને તેડી જવા અંગે પૂછવામાં આવતા "મારાથી કઈ નહીં થઈ શકે" એવો જવાબ આપ્યો છે, જે તેમના તરફથી અરજદારને સ્વીકારવાની કે સમસ્યાનો ઉકેલ લાવવાની ઇચ્છાનો અભાવ દર્શાવે છે. આ સમગ્ર પરિસ્થિતિને જોતા એવું સ્પષ્ટ થાય છે કે સામાવાળા પક્ષ દ્વારા "અલગ રહે છે" એવો બચાવ મુખ્યત્વે કાગળ ઉપરનો છે અને વાસ્તવિક જવાબદારીમાંથી બચવાનો પ્રયાસ છે. પતિની ગેરહાજરી, પિતાનું અસ્પષ્ટ નિવેદન તથા પરિવારની ઉદાસીનતા બધુ મળીને કોર્ટ સમક્ષ નકારાત્મક અનુમાન ઊભું કરે છે. જેથી સામાવાળાના આ પ્રકારના વર્તન અને વ્યવહારના કારણે અરજદારને ઘર છોડવાની પડેલ હોવાનું પુરવાર થયાને માનવાને કારણ રહે છે અને સામાવાળાઓનું આ વર્તન તથા વ્યવહાર કૌટુંબીક હીંસાખોરી જ ગણાય.

(૧૮) અહી અરજદારે સામાવાળા અરજદાર નં.૧ને માસીક રૂ.૧૦,૦૦૦/- તથા અરજદાર નં.૨નાને માસીક ભરણપોષણ પેટે રૂ.૫,૦૦૦/- પ્રતિમાસ આપે તેવી દાદ માંગેલ છે કે, તે સબબ ચર્ચા કરવામાં આવે તો, અરજદારે સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે તે સિવાય અન્ય કોઈ જ પુરાવો રજુ કરેલ નથી, પરંતુ સાથે સાથે એ પણ હકીકત છે કે આખરી દલીલ સમયે અરજદાર તરફે રજુઆત થયેલ છે કે આ તબકકા સુધી કોઈપણ અદાલતે અરજદારોની તરફેણમાં ભરણ પોષણ સબબનો હુકમ ફરમાવેલ નથી. સામાવાળાએ પુરાવો રજુ કરી એવી કોઈ હકીકત અદાલતના રેકર્ડ પર રજુ કરેલ નથી કે જેથી એવું પુરવાર થઈ શકે કે સામાવાળા નં.૧ અરજદારોનુ ભરણ પોષણ કરતા હોય અથવા તો અદાલતના હુકમથી ભરણ પોષણની રકમ ચુકવતા હોય.

(૧૯) ભારતીય સંસ્કૃતી અનુસાર સ્ત્રીના લગ્ન બાદ સ્ત્રીને આશરો આપવાની તથા તેનુ ભરણ પોષણ કરવાની તે સ્ત્રીના પતિની પવિત્ર ફરજ બની રહે છે. હીન્દુ રીવાજ અને હીન્દુ કાયદા અનુસાર પતિ પોતાની પત્નિનુ તથા સંતાનોનુ ભરણ પોષણ કરવા માટે નૈતીક રીતે તેમજ કાયદાકીય રીતે જવાબદાર છે, પતિ/પિતા આવી જવાબદારીમાંથી છટકી શકતા નથી. જેથી અહીં અરજદારો આ મુજબની દાદ માત્ર સામાવાળા નં.૧ પાસેથી જ મેળવવા હકકદાર બને છે, સામાવાળા નં.૨-૪ વાળા પાસેથી ભરણ પોષણની રકમ સબબ નાણાકીય દાદ મેળવવા અરજદાર હકકદાર બની શકે નહીં. જેથી અરજદારે માંગેલ આ નાણાકીય દાદ માત્ર સામાવાળા નં.૧ પાસેથી મેળવવા હકકદાર હોવાથી તે મુજબનો હુકમ અરજદારની તરફેણમાં ફરમાવવો ન્યાયના હીતમાં ઉચીત જણાય છે.

(૨૦) અરજદારે અરજીમાં તથા અદાલત સમક્ષના સોગંદનામામાં જણાવેલ છે કે તેઓ હાલ કોઈ કામકાજ કરતા નથી અને આવક ધરાવતા નથી. નામદાર શ્રી સુપ્રીમકોર્ટે Rajathi V/s. Ganeshan કે જે ચુકાદો 1999(6) SCC 326 પર પ્રસીધ્ધ થયેલ છે તેમાં પ્રસ્થાપિત કરેલ છે કે જયારે અરજદાર એક વખત પોતે પોતાનુ ભરણ પોષણ કરવા અસક્ષમ હોવાનુ જણાવે ત્યારે અરજદાર પાસે પોતાનુ ભરણ પોષણ કરી શકવાની ક્ષમતા હોવાનુ તથા તે માટેના પુરતા સાધનો હોવાનુ પુરવાર કરવાની જવાબદારી સામાવાળાના શીરે છે. હાલના કીસ્સામાં સામાવાળાએ આ અદાલત સમક્ષ ઠોસ પુરાવો રજુ કરી અરજદાર ભરણ પોષણ કરવા સક્ષમ હોવાનુ કે અરજદાર આવક મેળવતા હોવાનુ કોઈ પણ રીતે પુરવાર કરેલ નથી.

**(૨૧)** હવે સામાવાળાની સાચી આવક શું છે? તે પુરવાર કરવાનો બોજો ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૧૦૬ ની જોગવાઈ મુજબ સામાવાળાના શીરે છે કારણ કે કોઈપણ વ્યકિતની સાચી આવક પોતે તે વ્યક્તિ સિવાય વિશેષ કોઈ જણાવી શકે નહીં. નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે અરૂણાબહેન વૃજલાલ દાવડા વિ. ગુજરાત રાજય, 1993(1) GLR 1980 ના ચુકાદામાં આ સિધ્ધાંત સ્થાપિત કરેલ છે. હાથ પરના કીસ્સાની ચર્ચા કરવામાં આવે તો સામાવાળાએ કોઈ જ પુરાવો રજુ કરેલ નથી જયારે અરજદારે પુરાવો આપેલ છે કે, આ કામના સામાવાળાને કાનોસણ મુકામે એક પાકુ મકાન આવેલ છે તેમજ બે પાકી દુકાનો ધરાવી કરીયાણા તથા અનાજ દળવાની ઘંટી ચલાવવાનો ધંધો કરે છે જેમાંથી માસીક રૂ.૩૦ હજાર જેટલુ કમાય છે તેમજ આ કામના સામાવાળા કાનોસણ મુકામે ખેતીની આશરે ૧૦ વિઘા જમીન ધરાવે છે તેમજ બે ટ્રેકટરો ધરાવે છે જેમાંની વાર્ષીક રૂ.૪ લાખ જેટલી આવક મેળવે છે તેમજ પશુપાલનમાં ૬ ભેંસો તથા ૨ ગાયો રાખી તેમની દુધની આવકમાંથી રૂ.૨૫ હજાર આવક મેળવે છે. આમ સામાવાળા કુલ વાર્ષીક રૂ.૧૦,૬૦,૦૦૦/- જેટલી આવક ધરાવે છે. પરંતુ તે સબબ પણ કોઈ ઠોસ કે સચોટ પુરાવો રજુ કરેલ નથી. આગ, અહીં આવક સબબનો કોઈ ચોકકસ પુરાવો રજુ થયેલ નથી પરંતુ રજુ થયેલ આ પુરાવા પરથી સામાવાળા આવક મેળવવા સક્ષમ હોવાનુ પુરવાર થયાને માનવાને કારણ રહે છે. જયારે સામાવાળાએ આવક સબંધે કોઈ ઠોસ કે ચોકકસ પુરાવો આપેલ ન હોય ત્યારે અદાલતની વિશેષ અને મહત્વની ફરજ બની રહે છે કે અદાલત સમક્ષ રજુ થયેલ પુરાવામાંથી સત્ય શું છે? તે બહાર લાવવું જોઈએ, કારણ કે, એ પણ હકીકત છે કે સામાન્ય રીતે આ મુજબની અરજીમાં અરજદાર સામાવાળાની આવક વધુ બતાવતા હોય છે અને સામાવાળા પોતાની આવક છુપાવવાનો પુરેપુરો પ્રયત્ન કરતા હોય છે જેથી તે સંજોગોમાં પ્રવર્તમાન સમયના ન્યુનતમ મજુરીના દર લક્ષ્ય પર લેવામાં આવે તો સામાવાળા માસિક રૂપિયા આઠ થી નવ હજાર આવક મેળવતા હોવાનુ માનવાને કારણ રહે છે. એ પણ હકીકત ખરી છે કે સામાવાળાના મોભા અને દરજ્જા મુજબનુ જીવન જીવવા અરજદાર હકકદાર છે અને પ્રવર્તમાન સમય તથા મોંઘવારીના દર વગેરે પરીબળો લક્ષ્ય પર લઈ સામાવાળા અરજદાર નં. ૧ ને માસિક રૂા.૩,૦૦૦/- (એક ત્રણ હજાર) તથા અરજદાર નં. ૨ ને માસિક રૂા.૧૦૦૦/-(અંકે એક હજાર પુરા) તે રીતે બન્ને અરજદારોને કુલ્લે માસિક રકમ રૂા.૪૦૦૦/- (ચાર હજાર) ચુકવી આપે તેવો હુકમ ફરમાવવામાં આવે તો તે ન્યાયોચીત ગણાશે તેમ આ અદાલતનુ માનવુ છે.

**(૨૨)** વધુમાં, અરજદારે દાદ માંગેલ છે કે, સામાવાળાની સ્થાવર મીલકત તથા જંગમ મીલકત જેવી કે રહેણાંક મકાન, જમીન વિગેરે વેચાણ કરે કરાવે નહી તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે

તેમજ સામાવાળાઓ પાસેથી સ્ત્રીધન પાછુ અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે તેમજ અરજદારને સામાવાળાના શારીરીક અને માનસીક ત્રાસના કારણે લાગેલ આઘાત પેટે રૂ.૨,૦૦,૦૦૦/– અંકે રૂ.બે લાખ પુરા ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે. તે સબબ એક સાથે ચર્ચા કરવામાં આવે તો, કાયદાની કલમ ૧૭ હેઠળ માત્ર પ્રતિબંધનો હુકમ ફરમાવી શકાય, પરંતુ આદેશાત્મક હુકમ ફરમાવી શકાય નહી, આવી દાદ દિવાની દાવા હેઠળ મેળવવા પાત્ર છે જેથી આ દાદ હાલની અરજી હેઠળ માંગી શકાય નહી, જેથી અરજદારે માંગે આ દાદ આ અદાલત સદર અરજીના કામે આ કાયદા હેઠળ ફરમાવી શકે નહી. વધુમાં, આ કામે અરજદારે સ્ત્રી ધન પાછુ મેળવવા દાદ માંગેલ છે તે સબબ ચર્ચા કરવામાં આવે તો, અરજદારે મૌખીક કરેલ કથનો સિવાય અન્ય કોઈ લેખીત દસ્તાવેજો એટલે સોના ચાંદીના દાગીના કે અન્ય કરીયારના કોઈ બિલો રજુ કરી હકીકત પુરવાર કરેલ ન હોય સદર દાદ પણ મંજુર કરવી ન્યાયોચીત જણાઈ આવતી નથી. વધુમાં, અરજદારે માનસીક તેમજ શારીરીક ત્રાસના આઘાતના રૂ.૨,૦૦,૦૦૦/– સામાવાળા ચુકવી આપે તેવી દાદ માંગેલી છે તે સબબ પણ ચર્ચા કરવામાં આવે તો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવા જોવામાં આવે તો, અરજદાર તરફે મૌખીક કથનો સિવાય અન્ય પુરાવા રજુ થયેલ ન હોય આ કામના સામાવાળાએ કૌટુંબીક હીંસા આચરેલ હોય અને અરજદારના સ્ત્રી ધન પડાવી લીધેલ હોવાની હકીકત માનવાને કારણ રહેતી નથી જેથી અરજદારની સ્ત્રી ધન પરત મેળવવા કલમ ૨૦ મુજબની મુજબની દાદ મેળવવા હક્કદાર નથી તેવુ અદાલતનું માનવુ છુ.

**(૨૩)** આમ, ઉપરોક્ત ચર્ચા લક્ષ્ય પર લેતા, અરજદારે કૌટુંબીક હીંસાખોરીથી સ્ત્રીઓનુ રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૭, ૧૮, ૧૯, ૨૨, ૨૩ સબબ કોઈ ઠોસ, સચોટ અને સ્પષ્ટ પુરાવો રજુ કરેલ ન હોવાથી તે સબબની દાદ મેળવવા અરજદાર હક્કદાર નથી. પરંતુ માત્ર સામાવાળા નં.૧ પાસેથી નાણાકીય રાહત મેળવવા હક્કદાર હોવાનું આ અદાલતનુ માનવુ હોય તેટલા પુરતો રક્ષણાત્મક હુકમ આ અરજીના કામે ફરમાવવો ન્યાયના હીતમાં ઉચીત જણાઈ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–::આખરી હુકમ::–**

**(૧)** અરજદારની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

**(૨)** આ કામના સામાવાળા નં.૧નાએ અરજદાર નં.૧ને ભરણપોષણ પેટે માસીક રૂ.૩૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) તથા અરજદાર નં.૨નાઓને રૂ.૧૦૦૦/–(અંકે રૂ.એક હજાર

પુરા) હાલની અરજી દાખલ કર્યાની તારીખથી ચઢે ચઢ્યા ચુકવા આપવાનો હુકમ કરવામાં આવે છે. આ રકમમાં અરજદારની મુળભુત જરૂરીયાતો, મેડીકલ ફેસીલીટી, રહેઠાણની સગવડનું વૈકલ્પીક વ્યવસ્થા રૂપે ભાડાની રકમ વિગેરે પેટે આ રકમ ગણાવામાં આવશે.

(૩) આ કામના સામાવાળા નં.૧નાએ અરજદારને આ અરજીના ખર્ચ પેટે રૂ.૧૦૦૦/-(અંકે રૂ. એક હજાર પુરા) ચુકવા આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) વધુમાં, અરજદારે ફેમીલી કોર્ટમાં કે અન્ય કોર્ટમાં ભરણપોષણ મેળવવા અરજી કરેલ હોય અને આવી કોઈ ખાધા ખોરાકીની અરજીમાં જો કોઈ હુકમ થયો હોય તો અથવા થાય તો તે રકમ આ રકમમાંથી મજરે આપવાની રહેશે.

(૫) કૌટુંહીક હીંસાથી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમની કલમ ૨૪ મુજબ આ હુકમની એક નકલ અરજદારને વિના મુલ્યે પુરી પાડવી તથા એક નકલ સબંધીત પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૮મી એપ્રીલ, ૨૦૨૬ ના ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

શિહોરી

(રિતેશ વિનોદકુમાર પટેલ)

તા.૦૮/૦૪/૨૦૨૬

જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, શિહોરી
કોડ નં.જી.જે.૦૧૬૮૬